| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૩ | ૦૪ | ૨૦૦૬ |
| દાખલ તારીખ : | ૧૩ | ૦૪ | ૨૦૦૬ |
| ફેસલ તારીખ : | ૦૫ | ૦૩ | ૨૦૨૦ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૩ | ૧૦ | ૨૨ |

**મે.અમદાવાદ મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી સમક્ષ,**

**મુ.અમદાવાદ**

**રેફરન્સ (ડી) કેસ નં. ૨૯/ ૨૦૦૬**

**આંક–૬૧**

**પ્રથમ પક્ષકાર :–** (૧) **વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ વર્કસ,**
હે.૧૪૦, જી.આઈ.ડી.સી.ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
નરોડા, અમદાવાદ.
(૨) **વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ વર્કસ,**
હે. મેલડી એસ્ટેટ, પ્રસંગ પાર્ટી પ્લોટ પાસે,
સોલા ભાગવત સામે, સાયોના સીટી રોડ,
ગોતા, અમદાવાદ.

**–: વિરૂધ્ધ :–**

**બીજા પક્ષકાર :–** **માઈટી લેબર્સ એસોસીએશન,**
હે. ડી/૩, આશારામનગર, ઠક્કરબાપાનગર પાછળ,
અમદાવાદ.૫૦.

..................................................................................

**પ્રતિનિધીઓ:–**

પ્રથમ પક્ષકાર તરફે :– શ્રી વાય.એન. પંડયા
બીજા પક્ષકાર તરફે :– શ્રી બી.ડી. કિશ્ચયન

..................................................................................

**– : : એવોર્ડ : : –**

(૧) હાલનો વિવાદ નાયબ શ્રમ આયુકત, અમદાવાદ દ્વારા તેમનાં હુકમ ક્રમાંક– કેએચ/ એસએચએમસીઆર/ ક/ ૩૦૬૩૮/ આઈ.ડી.આર/ એજે/૧૭૮/

૨૦૦૬ તા.૨૮/૦૯/૨૦૦૬ થી તેમાં જણાવેલ અનુસુચીના ન્યાય નિર્ણય અર્થે મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ. ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના વખતોવખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કેસની અનુસુચી મુજબ કામદારો શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારને તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનાં ૭૪ માસ ૨૨ દિવસનાં (૬ વર્ષ, બે મહિના અને ૨૨ દિવસ) પુરા પગાર, બોનસ (૨૦%), હકક રજા, તહેવાર રજા તથા તે સમયગાળાનાં પગારનો ઈજાફો સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ? – તેનો ન્યાય નિર્ણય કરવાનો રહેલ છે.

(૩) આ કેસમાં હવે પછી સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સામાવાળા સંસ્થા તરીકે તથા બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

(૪) આ કામે પક્ષકારોને બેલીફશ્રી મારફત નોટિસની ધારાસર બજવણી આંક–૨ થી કરવામાં આવતા અરજદાર યુનીયન તરફે આંક–૪ થી તેમના જનરલ સેક્રેટરી શ્રી પી.કે.ડેનીયલનુ અધિકાર પત્ર રજુ થયેલ છે. વધુમાં સામાવાળા સંસ્થાને નોટીસની બજવણી થતા આંક–૦૬ થી સંસ્થા તરફે તેમના વિધ્વાન વકીલશ્રી ડી.સી. ગાંધી એસોસીયેટસ એડવોકેટસનું વકીલાતનામું રજૂ કરવામાં આવેલ છે.

૪.૧) વધુમાં આ કામે આંક–૧ ની અનુસુચીના સમર્થનમાં અરજદાર યુનીયન તરફે આંક–૫ થી તેમનુ માંગણા નિવેદન રજુ થયેલ છે. અરજદાર યુનીયન તેમના માંગણા નિવેદનમાં જણાવે છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે થયેલ હુકમ મુજબ અનુસુચી સાથે સંકળાયેલ

કામદારો તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનો પુરો પગાર તથા અન્ય હકક હીસ્સાની રકમ મેળવવા હકકદાર બનતા હોવાથી હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ છે. હાલનો વિવાદ અનુસુચીમાં જણાવેલ મહિલા કામદારો નામે શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારનાં બાકી પગાર તથા હકક હીસ્સાની રકમ મેળવવા દાખલ કરેલ છે.

૪.૨) વધુમાં અરજદાર યુનીયનના જણાવ્યા મુજબ સામાવાળા સંસ્થા તે ૧૪૦, જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ ખાતે ચાલતી હતી અને ત્યાંથી સંસ્થાની મશીનરી, ઉત્પાદન પ્રક્રિયા રો–મટીરીયલ તથા ઓફીસ સ્ટાફ સંસ્થાએ તેમનાં નવા સ્થળે એટલે કે, મેલડી એસ્ટેટ પ્રશંગ પાર્ટી પ્લોટ પાસે, સોલા ભાગવત સામે, સાયોના સીટી રોડ, ગોતા, અમદાવાદ ખાતે સંસ્થાના મુળ નામથી શરૂ કરેલ. સામાવાળા સંસ્થાની કામગીરી ૧૪૦, જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ ખાતે તા.૩૧/૦૭/૨૦૦૬ સુધી ચાલતી હતી. હાલ સંસ્થાની કામગીરી તેમના નવા સ્થળે ચાલે છે. સંસ્થાએ તેમની કામગીરી ૧૪૦, જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ ખાતે બંધ કરી, ગોતા અમદાવાદ મુકામે શરૂ કરતા, આ કામે યુનીયન ધ્વારા સંસ્થાની ઉપરોકત બંને જગ્યાઓ સામે હાલનો વિવાદ દાખલ થયેલ છે. સંસ્થા ધ્વારા ઉપરોકત બંને જગ્યાએ એક જ માલિક ધ્વારા કામગીરી થતી હોવાનુ કબુલ રાખવામાં આવેલ છે.

૪.૩) વધુમા અરજદાર યુનીયનનાં જણાવ્યા મુજબ હાલના વિવાદ સાથે સંકળાયેલ કામદારો તે સામાવાળા સંસ્થામાં ૩ વર્ષથી વધુ સમયથી કામગીરી કરતા હતા. વધુમાં કામદાર શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારને અનુક્રમે તા.૦૪/૦૫/૧૯૮૯,

તા.૦૭/૦૫/૧૯૮૯ અને તા.૦૧/૦૬/૧૯૮૯ નાં રોજ સંસ્થા ધ્વારા છુટા કરવામાં આવેલ. વધુમાં સદરહુ કામદારોને છુટા કરતી વખતે કામદારોની જનરલ ડીમાન્ડ નં.૨૪/૧૯૮૯ મજુર અદાલત સમક્ષ પેન્ડીંગ હોવાથી કામદારોને તેમની પેન્ડીંગ ડીમાન્ડ દરમ્યાન છુટા કરવાનો હુકમ આઈ.ડી. એકટની કલમ-૩૩ નાં ભંગ સમાન હોવાથી કામદારો ધ્વારા આઈ.ડી.એકટની કલમ-૩૩(એ) મુજબની ફરીયાદ નં.૧૯/૧૯૮૯ મજુર અદાલત સમક્ષ દાખલ થયેલ અને જે કામે મજુર અદાલતે ઉપરોકત ત્રણેય મહિલા કામદારોને પડેલ દિવેસોના પુરા પગાર, સળંગ નોકરી અને અન્ય મળવા પાત્ર આનુસાંગિક લાભો સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તા.૩૦/૦૬/૧૯૯૭ (તા.૦૨/૦૭/૧૯૯૭ ) ના રોજ હુકમ કરેલ.

૪.૪) વધુમાં અરજદાર યુનીયનના જણાવ્યા મુજબ ફરીયાદ નં.૧૯/૧૯૮૯ નાં હુકમ મુજબ મહિલા કામદારોને તેમની નોકરીમાં પુનઃસ્થાપિત કરવાને બદલે સામાવાળા સંસ્થા ધ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ દાખલ કરવામાં આવેલ, જે કામે નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૧૭/૦૯/૧૯૯૯ નાં હુકમથી બેકવેજીસની રકમ સ્ટે કરેલ. વધુમાં નામ. હાઈકોર્ટ ધ્વારા સળંગ નોકરી અને પુનઃસ્થાપનનાં હુકમને સ્ટે કરવામાં આવેલ નહી. વધુમાં સંસ્થા ધ્વારા બદ ઈરાદાથી મહિલા કામદારોને પુનઃસ્થાપિત ન કરી, તેઓને બેકાર રહેવા ફરજ પાડવામાં આવેલ હતી. વધુમાં ઉપરોકત સ્પે. સી.એ.નં.૮૪૭૬/૧૯૯૮ ના કામે નામ. હાઈકોર્ટે તા.૨૩/૦૮/૨૦૦૬ નાં રોજ હુકમ કરી, મહિલા કામદારો નોકરીમાં ચાલુ હોવાથી તેમની કામગીરીમાં કોઈ ખલેલ ન પહોંચાડવાના ઈરાદે પીટીશન ફેસલ કરેલ. વધુમાં આ કામનાં મહિલા કામદારો તા.૧૭/૦૯/૧૯૯૯ થી તેમની નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર હોવા છતા, સંસ્થાએ તા.૧૬/૦૧/૨૦૦૬ નાં રોજ ઉપરોકત મહિલા કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ હોવાથી

ઉપરોકત તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ દરમ્યાનનાં મહિલા કામદારો નાં પગાર તથા મળવા પાત્ર વાર્ષિક ઈજાફા તેમજ અન્ય આનુસાંગિક લાભોની રકમ મેળવવા હાલનો વિવાદ દાખલ કરેલ હોય,ઉપરોકત તા.૧૭/૦૯/ ૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ દરમ્યાનનાં મહિલા કામદારો નાં પગાર તથા મળવા પાત્ર વાર્ષિક ઈજાફા તેમજ અન્ય આનુસાંગિક લાભોની રકમ ખર્ચ સહીત સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૫) વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે આંક–૭ થી રજુ તેમનો લેખીત જવાબ વંચાણે લેતા, સંસ્થાના જણાવ્યા મુજબ હાલના રેફરન્સની અનુસુચીમાં જણાવેલ બાબત આઈ.ડી.એકટની કલમ–૨(કે) '' ઔધોગિક વિવાદ'' ની બહારની વિષય વસ્તુ હોવાથી તેનો ન્યાય નિર્ણય કરવાની સત્તા અત્રેની અદાલતને નથી. વધુમાં આ કામનાં ત્રણેય મહિલા કામદારો ધ્વારા મજુર અદાલતમાં ફરીયાદ અરજી નં.૧૯/૧૯૮૯ દાખલ કરી, નોકરીમાં પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત થવાની માંગણી કરેલ હતી. સદરહુ કામમાં નામ. અદાલતે આંક–૩૫ થી તા.૦૨/૦૭/૧૯૯૭ નાં રોજ હુકમ કરી, ત્રણેય મહિલા કામદારોને પડેલ દિવસોના પુરેપુરા પગાર સાથે પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ હુકમ મળતા સંસ્થાએ ત્રણેય કામદારોને તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ રજી. એ.ડી. પોષ્ટ ધ્વારા પત્ર લખી, નોકરીમાં મુળ જગ્યાએ હાજર થવા જણાવેલ હતુ. સદરહુ પત્ર મહિલા કામદારોને મળી ગયેલ હતો અને સદરહુ પત્રોની નકલ સંસ્થા ધ્વારા મજુર કમિશ્નરશ્રીને પણ તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ મોકલાવેલ હતી. ત્રણેય મહિલા કામદારોને સદરહુ પત્રો મળી જવા છતા, તેઓ કામ ઉપર હાજર ન થતા, તા.૨૧/૦૩/૧૯૯૮ નાં રોજ ફરીથી ત્રણેય મહિલા કામદારોને રજી. એ.ડી.થી પત્રો લખી, કામ ઉપર હાજર થવા જણાવેલ હતુ. વધુમાં સદરહુ પત્ર મળતા,

ત્રણેય મહિલા કામદારો તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ તેઓની મુળ જગ્યાએ હાજર થવા ઉપસ્થિત થયેલ હતા. આ અંગે લેખીતમાં હાજર થઈ સંસ્થાનાં મેનેજરશ્રીને નોકરી ઉપર હાજર થવા અંગે તથા હાજરી કાર્ડ મળવા અંગેની પહોંચ આપેલ હતી. તમામ ત્રણેય મહિલા કામદારો હાજર થતા, સંસ્થાએ તેઓને રાબેતા મુજબની કામગીરી સોંપેલ હતી, પરંતુ અગમ્ય કારણસર ત્રણેય મહિલા કામદારો એકસંપ થઈ કોઈપણ જાતનુ વ્યાજબી કારણ દર્શાવ્યા વગર તેઓને સોંપવામા આવેલી કામગીરી કરવાનો અસ્વીકાર કરી, કામનુ સ્થળ છોડીને ચાલ્યા ગયેલ હતા. આ અંગે સંસ્થાએ તા.૨૬/૦૩/૧૯૯૮ ના રોજ રજી. એ.ડી. પોષ્ટથી અલગ અલગ પત્ર લખી ત્રણેય મહિલા કામદારોને રાબેતા મુજબ કામ ઉપર હાજર થવા માટે જણાગવેલ હતુ, પરંતુ તમામ ત્રણેય મહિલા કામદારો એકસંપ થઈને કામ ઉપર હાજર થયેલ ન હતા.

**૫.૧)** વધુમાં સામાવાળા સંસ્થા તેમના આંક-૭ થી રજુ લેખીત જવાબમાં જણાવે છે કે, અરજદાર યુનીયન ધ્વારા તા.૦૬/૦૪/૧૯૯૮ નાં રોજ સંસ્થાને પત્ર લખી, ત્રણેય મહિલા કામદારોને તેઓને રાબેતા મુજબની કામગીરી સોંપેલ ન હોવાથી તેઓએ કામ ઉપર હાજર થવાનુ બંધ કરેલ હોવાનુ જણાવતા, જેનો જવાબ સંસ્થાના એડવોકેટે તા.૨૦/૦૫/૧૯૯૮ નાં રોજ આપેલ હતો. વધુમાં મજુર અદાલત ધ્વારા આઈ.ડી. ફરીયાદ નં.૧૯/૧૯૮૯ ના કામે પસાર કરવામાં આવેલ હુકમને સંસ્થા ધ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ દાખલ કરી, ચેલેન્જ કરેલ હતો. સદરહુ પીટીશનનાં પેરા-૧૧ તથા પેરા-૧૨ માં જણાવેલ વિગતો ધ્યાને રાખી, નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૩૦/૧૧/૧૯૯૮ નાં રોજ સંસ્થાની તરફેણમાં હુકમ કરી, આઈ.ડી. ફરીયાદ નં.૧૯/૧૯૮૯ ના હુકમ સામે મનાઈ આપેલ હતો. વધુમાં સદરહુ સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮

પેન્ડીંગ હતી તે દરમ્યાન ત્રણેય મહિલા કામદારો તરફે તેઓની ગેરહાજરી બાબતે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ ન હતો કે, નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પણ કામદારો ધ્વારા આ અંગેની કોઈ રજુઆત કરવામાં આવેલ ન હતી. વધુમાં સદરહુ સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૨૩/૦૮/૨૦૦૫ નાં ઓરલ ઓર્ડર અનુસાર બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને રાખી, તેમા જણાવેલ હતુ કે, મહિલા કામદારોને એક વખત નોકરી ઉપર લઈ લીધેલ છે અને તે કામ ઉપર હાજર થયેલ છે. આં અંગે તેઓએ કોઈપણ હુકમ પસાર કરેલ ન હતો, પરંતુ મજુર અદાલતના બેકવેજીસના હુકમને સેટેસાઈડ કરી, પીટીશન ડીસ્પોઝ કરેલ હતી.

**૫.૨)** વધુમાં સામાવાળા સંસ્થા તેમના આંક–૭ થી રજુ લેખીત જવાબમાં જણાવે છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટે તેમના ચુકાદામાં કયાંય પણ કામદારોને કામ ઉપર હાજર લીધેલ ન હોવાનુ નોંધેલ નથી. મજુર અદાલતના હુકમ મુજબ સંસ્થાએ ત્રણેય મહિલા કામદારોને લેખીતમાં પત્ર લખી કામ ઉપર હાજર થવા જાણ કરેલ હતી અને તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ કામદારો કામ ઉપર હાજર થઈ ગયેલ હતા. તે સંજોગોમાં નામ. મજુર અદાલતનો કામદારોને પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ હતો તેનુ સંસ્થાએ પાલન કરેલ છે. તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ કામદારો હાજર થયા બાદ, અન્ય કોઈ વિવાદ ઉપસ્થિત કરી, કામ છોડી, ચાલ્યા ગયા હતા. આથી નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમનો સંસ્થાએ અનાદર કરેલ હોવાનુ માની તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ ના સમય દરમ્યાન નો પગાર તથા આનુસાંગિક લાભો મેળવવા બાબતેનો હાલનો વિવાદ રદ થવા પાત્ર છે.

**૫.૩)** વધુમા સામાવાળા સંસ્થા તેમનાં આંક-૭ થી રજુ લેખીત જવાબમાં જણાવે છે કે, આ કામનાં સંબંધીત કામદારોને નામ. ગુજરાત હાઈકોર્ટનાં હુકમ અનુસાર ફરીથી કામ ઉપર હાજર થવા જણાવેલ હતુ અને તે મુજબ તેઓ તા.૧૫/૦૧/૨૦૦૬ નાં રોજ કામ ઉપર હાજર થઈ ગયેલ હતા, જેમાં તેઓએ રાબેતા મુજબની ફરજો બજાવવવાનુ શરૂ કરેલ હતુ. આમ સંસ્થાએ ત્રણેય મહિલા કામદારોને મજુર અદાલતનાં હુકમ મુજબ પુન:સ્થાપિત કરેલ હતા અને પુન:સ્થાપિત કર્યા બાદ, જે કારણો દર્શાવીને સંસ્થાની નોકરીમાં હાજર થવાનુ બંધ કરેલ તે મુજબની કામગીરી કરવા માટે કામદારો ફરીથી હાજર થયેલ છે. વધુમાં તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ નાં સમયગાળા દરમ્યાન કામદારો સ્વૈચ્છા ગેરહાજર રહેલ હોવાથી '' નો વર્ક નો પે'' ના સિધ્ધાંત મુજબ કામદારો આ સમય દરમ્યાનનો કોઈ પગાર અને આનુસાંગિક લાભો મેળવવા હકકદાર બનતા નથી. વધુમા  સામાવાળા સંસ્થા ધ્વારા તેમનાં લેખીત જવાબમાં માંગણા નિવેદનનો પેરાવાઈઝ ઈન્કાર કરી, હાલનો રેફરન્સ ખર્ચ સહીત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૬)** આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.

| **<u>અરજદાર તરફે મૌખીક પુરાવો:</u>** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **સાહેદ** |
| ૧ | ૧૧ | શ્રીમતી હેમલતાબહેન કે. પટેલની જુબાની. |
| ૨ | ૧૨ | શ્રીમતી પ્રભાબહેન એચ. દરજીની જુબાની. |
| ૩ | ૧૩ | શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારની જુબાની. |

| **અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો :** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક/નિ.** | **વિગત** |
| ૧ | ૯/૧ આંક–૧૭ | સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮નાં કામે નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૧૭/૦૯/૧૯૯૯ નાં રોજ કરેલ હુકમની નકલ. |
| ૨ | ૯/૨ આંક–૧૮ | સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮નાં કામે નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૨૩/૦૮/૨૦૦૬ નાં રોજ કરેલ હુકમની નકલ. |
| ૩ | ૯/૩ | રેફરન્સ (ડી) કેસ નં.૧૦/૨૦૦૬ નાં કામે સંસ્થાએ રજુ કરેલ લેખીત જવાબની નકલ. તા.૦૩/૦૭/૨૦૦૬ |

અરજદાર તરફે આંક–૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

| **સામાવાળા તરફે મૌખીક પુરાવો:** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **સાહેદ** |
| **૧** | ૩૨ | સાહેદ હેમેન હરીતભાઈ ભટ્ટની જુબાની |

| **સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક/નિ.** | **વિગત** |
| ૧ | ૮/૧ | કમ્પલેઈન અરજી નં.૧૯/૧૯૮૯ માં નામ. કોર્ટે પસાર કરેલ હુકમ તા.૦૨/૦૭/૧૯૯૭નાં રોજની ખરી નકલ. |
| ૨ | ૮/૨ | પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારોને લખેલ તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજના રજી.એ.ડી. પત્રની ખરી નકલ. |
| ૩ | ૮/૩ | તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ મજુર કમિશ્નરશ્રીને લખેલ પત્રની ખરી નકલ. |
| ૪ | ૮/૪ | સંબંધીત કામદારોને સદરહુ પત્ર મળ ગયો છે તે |

| | | |
|---|---|---|
| | | બાબતની પોસ્ટ ખાતાની એકનોલોજેમન્ટ રીસીપ્ટની ખરી નકલ. |
| ૫ | ૮/૫ | પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારોને લખેલ તા.૨૧/ ૦૩/૧૯૯૮ નાં રોજના રજી. એ.ડી. પત્રની ખરી નકલ. |
| ૬ | ૮/૬ | તા.૨૧/૦૩/૧૯૯૮ નાં રોજ મજુર કમિશ્નરશ્રીને લખેલ પત્રની નકલ. |
| ૭ | ૮/૭ | સંબંધીત કામદારોને સદરહુ પત્ર મળ ગયો છે તે બાબતની પોસ્ટ ખાતાની એકનોલોજેમન્ટ રીસીપ્ટની ખરી નકલ. |
| ૮ | ૮/૮ | તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ કામદારો નોકરી પર હાજર થયા તે હાજરીકાર્ડ મેળવવા બાબતની પહોંચ આપેલ તેની ખરી નકલ. |
| ૯ | ૮/૯ | તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ સંસ્થાએ સંબંધીત કામદારોને લખેલ પત્રની રજી.એ.ડી. પત્રની ખરી નકલ. |
| ૧૦ | ૮/૧૦ | સંબંધીત કામદારોને સદરહુ પત્ર મળ ગયો છે તે બાબતની પોસ્ટ ખાતાની એકનોલોજેમન્ટ રીસીપ્ટની ખરી નકલ. |
| ૧૧ | ૮/૧૧ | સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ પીટીશનની ખરી નકલ. |
| ૧૨ | ૮/૧૨ | સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ માં નામ.કોર્ટ તા.૩૦/૧૧/૧૯૯૮ નાં રોજ આપેલ હુકમની ખરી નકલ. |
| ૧૩ | ૮/૧૩ | સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ માં નામ.કોર્ટ તા.૨૩/૦૮/૨૦૦૫ નાં રોજ આપેલ હુકમની ખરી નકલ. |

| | | |
|---|---|---|
| ૧૪ | ૧૦/૧<br>આંક–૧૯ | ફરીયાદ નં.૧૨/૨૦૦૬ નાં કામે કામદારો તથા સંસ્થા વચ્ચે તા.૧૪/૦૪/૨૦૦૭ ના રોજ થયેલ સમાધાન તથા તેનાં પરીશીષ્ટ મુજબ ત્રણેય સંબંધિત કામદારો ને જે રકમ ચુકવેલ છે, તેની નકલ. |

સામાવાળા સંસ્થા તરફે આંક–૪૩ તા.૧૦/૦૧/૨૦૧૧ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

(૭) આ કામ દલીલોના તબકકે આવતા સામાવાળા સંસ્થા તરફે આંક–૪૭ થી તેમની લેખીત દલીલો રજુ થયેલ છે. વધુમાં અરજદાર તરફે આ કામે કોઈ દલીલો રજુ ન થતા, આંક–૬૦ થી રજુ અરજદાર યુનીયનની મુદૃત અરજી નામંજુર કરી, હાલનુ કામ આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૪૭ થી રજુ સામાવાળા સંસ્થાની લેખીત દલીલો વંચાણે લેતા, તેમા જણાવ્યા મુજબ હાલનો વિવાદ યુનીયન ઘ્વારા દાખલ કરવામાં આવેલ હોય, આ ડીમાન્ડ ચાલી શકે તેમ નથી. આ કામે સંસ્થાએ આંક–૮ નાં લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો તેમજ આંક–૧૦ ના લીસ્ટથી રજુ કરેલ સમાધાન ઘ્યાને લેતા, તા.૧૪/૦૪/૨૦૦૭ ની લોકઅદાલતમાં સંસ્થા તથા તેમનાં ૧૮ કામદારો વચ્ચે આજ યુનીયનની દરમ્યાનગીરીથી થયેલ સમાધાન રજુ કરેલ છે, જેમાં આ કામનાં ત્રણેય મહિલા કામદારોનો સમાવેશ થઈ જાય છે. સમાધાન મુજબ કામદારો ઘ્વારા સંસ્થા સામે દાખલ કરેલ તમામ કેસો પરત ખેંચી લેવા કામદારોએ બાંહેધરી આપેલ હોવા છતા, અરજદાર યુનીયન ઘ્વારા હાલનો કેસ પરત ખેંચવામાં આવેલ ન હોય, હાલનો વિવાદ ચાલી શકે તેમ નથી. વધુમાં સામાવાળા સંસ્થા તરફે આંક–૪૭ થી રજુ તેમની લેખીત દલીલોમાં આ કામે અરજદાર યુનીયન તરફે રજુ થયેલ ત્રણેય મહિલા કામદારોનો મૌખીક પુરવાનો ઉલ્લેખ કરી, વધુમાં જણાવેલ છે કે, નામ. હાઈકોર્ટ ઘ્વારા લેબર કોર્ટના હુકમને બેકવેજીસ પુરતો સ્થગિત કરેલ હતો.

સામાવાળા સંસ્થાએ કામ ઉપર લેવાનાં હુકમનો અમલ કરેલ હોવાથી તે સામે કોઈ મનાઈ આપેલ ન હતી. આ કામનાં અરજદાર પોતાની ફરજ ઉપર હાજર થયા બાદ, જાતે કામ પર આવતા બંધ થઈ ગયેલ હતા. આ અંગેની રજુઆત સંસ્થાએ નામ. હાઈકોર્ટ સમક્ષની પીટીશનમાં કરેલ હતી, તેને ખોટી ઠરાવતી કોઈ એફીડેવીટ આ ત્રણેય મહિલા કામદારોમાંથી કોઈ પણ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલ ન હતી. વધુમાં તા.૨૩/૦૮/૨૦૦૫ નાં રોજ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફાઈનલ હીયરીંગમાં ત્રણેય મહિલા કામદારોનાં વકિલશ્રી હાજર હતા, જેઓએ આ અંગેનુ કોઈ ખંડન કે રજુઆત નામ. હાઈકોર્ટ સમક્ષ કરેલ ન હતી, જેથી નામ. હાઈકોર્ટે સંસ્થાને પીટીશન ગ્રાહય રાખી, બેકવેજીસના હુકમ ને રદ કરેલ હતો. વધુમાં આ કામનાં ત્રણેય મહિલા કામદારોએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કેસ ચાલતો હતો ત્યારે કોઈપણ ઓથોરીટી કે સત્તા અધિકારી સમક્ષ આપવા મજુર કમિશ્નરશ્રી સમક્ષ કોઈપણ જાતની ફરીયાદ કરેલ નથી. વધુમાં આ કામનાં ત્રણેય મહિલા કામદારો તા.૧૫/૦૧/૨૦૦૬ નાં રોજ સંસ્થામાં તેની ફરજ ઉપર હાજર થયેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ તા.૨૩/૦૮/૨૦૦૫ નાં રોજ થયેલ છે. આમ, ઓગષ્ટ-૨૦૦૫ થી જાન્યુઆરી-૨૦૦૬ સુધી આ કામદારો ફરજ ઉપર હાજર થયેલ નથી. વધુમાં તેઓ તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ ફરજ પર હાજર થયા બાદ, ચાલ્યા ગયા હતા. આમ, હાલનો વિવાદ મુખ્યત્વે બે મુદ્દા ઉપર રદ થવા પાત્ર છે. (૧) કામદારોએ લોક અદાલતમા સમાધાન કરી માલિક/કામદારો વચ્ચેના સંબંધોનો અંત આવેલ હોય તેમજ, (૨) કામદારોએ તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ નાં સમયગાળા દરમ્યાન કોઈ કામગીરી કરેલ ન હોય, '' નો વર્ક નો પે'' નાં

સિધ્ધાંત મુજબ આ સમયગાળાનો કોઈ પગાર કે અન્ય કોઈ લાભ કામદારો મેળવવા હકકદાર બનતા ન હોય, હાલનો કેસ રદ કરવા અરજ ગુજારેલ છે.

(૮) આ કેસમાં રજુ થયેલ માંગણા નિવેદન, દસ્તાવેજો, સોગંદ ઉપર જુબાની, મૌખિક દલીલો લક્ષમાં લેતાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદ્દાઓ ::-**

**મુદ્દા નં.૧ :-** શું અરજદાર યુનીયન પુરવાર કરે છે કે, આ કેસની અનુસુચી મુજબ કામદારો શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારને તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનાં ૭૪ માસ ૨૨ દિવસનાં (૬ વર્ષ, બે મહિના અને ૨૨ દિવસ) પુરા પગાર, બોનસ (૨૦%), હકક રજા, તહેવાર રજા તથા તે સમયગાળાનાં પગારનો ઈજાફો મેળવવા હકકદાર બને છે ?

**મુદા નં.૨ :-** શું હુકમ ?

૮.૧) ઉપરોકત મુદાઓનાં મારા તારણો તથા કારણો નીચે મુજબ છે.

**-:: તારણો ::-**

**(૧) મુદ્દા નં.૧ :- ' નકારમાં',**

**(૨) મુદ્દા નં.૨ :- આખરી હુકમ મુજબ.**

## – : : કારણો : : –

## (૯) મુદા નં.૧ અંગે :–

૯.૧) હાલનાં કામે આંક–૫ થી રજુ માંગણા નિવેદનનાં સમર્થનમાં અરજદાર યુનીયન તરફે આંક–૧૧ થી રજુ થયેલ મહિલા કામદાર શ્રીમતી હેમલતા બહેન કે. પટેલ નો મૌખીક પુરાવો વંચાણે લેતા, હાલનાં મહિલા કામદાર તેમની સોગંદ પરની લેખીત સરતપાસમાં જણાવે છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૯૮૬માં પેકીંગ ખાતામાં દાખલ થઈ ૩ વર્ષ સળંગ રીતે ફરજ બજાવેલ છે. વધુમાં સદરહુ મહિલા કામદારનાં જણાવ્યા મુજબ તેમનુ કામ પેકીંગ ખાતામાં હોવા છતા, સદર કામ છોડીને ખાતામાં ઝાડુ–પોતા લગાડવા વગેરેનું કામ કરવા સંસ્થાએ આદેશ આપેલ હોવાથી, જે કામ કરવાની ના પાડતા, તા.૦૪/૦૫/૧૯૮૯ નાં રોજ તેણીને નોકરીમાંથી છુટા કરેલ. વધુમાં સંસ્થામાં કામ કરતા કામદારો માટે યુનીયન તરફથી ઉપસ્થિત કરેલ રેફરન્સ ડીમાન્ડ કેસ નં.૨૪/૧૯૮૯ મજુર અદાલતમાં ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હોવાથી હાલનાં મહિલા કામદાર તથા અન્ય બે મહિલા કામદારોએ મજુર અદાલતમાં આઈ.ડી. કમ્પલેઈન નં.૧૯/ ૧૯ ૮૯ દાખલ કરેલ, જે કામમાં મજુર અદાલતે તા.૦૨/૦૭/૧૯૯૭ નાં રોજ એવોર્ડ કરી, ત્રણેય મહિલા કામદારોને પડેલ દિવસોનાં પુરા પગાર અને સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા સંસ્થાને આદેશ કરેલ, જે એવોર્ડ સંસ્થાના માલિકને કબુલ મંજુર ન હોવાથી તેઓએ આ એવોર્ડ વિરુધ્ધ દાખલ કરેલ રીવ્યુ અરજી નં.૯/૧૯૯૭ કે જે તા.૨૨/૦૧/૧૯૯૮ નાં રોજ ડીસમીસ થયેલ. વધુમાં સંસ્થાએ દાખલ કરેલ સીવીલ પરચુરણ અરજી નં.૫૮/૧૯૯૮ કે જે તા.૨૭/૦૭ /૧૯૯૮ નાં રોજ રીજેકટ થયેલ છે અને તે પછી સંસ્થાએ નામ. ગુજરાત

હાઈકોર્ટમાં સ્પે.સી.એ. ન.૮૪૭૬/૧૯૯૮ દાખલ કરેલ જે કામે નામ. ગુજરાત હાઈકોર્ટે તા.૩૦/૧૧/૧૯૯૮ નાં રોજ હુકમ કરી, ફરીયાદ નં.૧૯/૧૯૮૯ ના કામે મજુર અદાલતે તા.૦૨/૦૭/૧૯૯૭ નાં રોજ કરેલ એવોર્ડ સંપૂર્ણ રીતે સ્ટે કરેલો. વધુમાં હાલનાં મહિલા કામદારનાં જણાવ્યા મુજબ સંસ્થાએ તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ ત્રણેય મહિલા કામદારોને સંસ્થામાં બોલાવી કામે રાખવાનુ ઢોંગ રચી, હાજરી કાર્ડ આપી, તે અંગેનુ લખાણ કરાવી લીધા પછી તાત્કાલીક સંસ્થામાંથી બહાર કાઢેલ હતા. વધુમાં સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે નામ. હાઈકોર્ટે તા.૧૭/૦૯/૧૯૯૯ નાં રોજ બીજો હુકમ પસાર કરી, ફરીયાદ નં.૧૯/૧૯૮૯ ના એવોર્ડમાં ફકત પડેલા દિવસોનાં પગારનો સ્ટે ચાલુ રાખી, સળંગ નોકરી અને પુનઃસ્થાપિત થવાના હકક ખુલ્લા રાખેલ હતા, જે હુકમની નકલ આ કામે માર્ક-૯/૧ થી રજુ કરેલ છે. આ હુકમનાં આધારે સંસ્થાએ કામદારને કામે રાખેલ નહી. સંસ્થાએ કામદારને તા.૧૬/૦૧/૨૦૦૬ થી કામે રાખેલ છે, જેથી તેઓ તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૬/૦૧/૨૦૦૬ સુધીનાં સમયગાળા દરમ્યાનનાં તમામ હકકો મેળવવા હકકદાર હોવાનુ જણાવેલ છે.

૯.૨) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી યોગેન પંડયા દ્વારા કામદાર શ્રીમતી હેમલતાબહેન કે. પટેલ ની કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ...

*'' એ વાત ખરી છે કે, આ ડીમાન્ડ કેસમાં તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૧ /૨૦૦૬ સુધીનાં પુરા પગારની માંગણી કરેલ છે. એ વાત ખરી છે કે, આંક-૧૪ (કમ્પલેઈન અરજી નં.૧૯/૧૯૮૯ નો હુકમ) નાં હુકમ માં મને પડેલ દિવસોનાં પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરેલ છે. નિ.૮/૨ માં લખેલ સરનામુ મારૂ છે.*

*નિ.૮/૭ થી રજુ પત્ર મને મળેલ અને તેમાં સહી કરી, સ્વીકારેલ છે.* ***મને સંસ્થાએ કામે રાખ્યા બાદ છુટા કર્યા અંગેની લેખીત ફરીયાદ સંસ્થાને કરેલ નથી.*** *એ વાત ખરી છે કે, કમ્પલેઈન અરજી નં.૧૯/૧૯૮૯ ના હુકમને સંસ્થાએ હાઈકોર્ટમાં પડકારેલ. એ વાત ખરી છે કે, મારા વતી યુનીયને વકિલ રોકી નામ. હાઈકોર્ટ માં રજુઆત કરેલી.* ***એ વાત ખરી છે કે, જયારે ફાઈનલ હીયરીંગમાં મેટર આવેલ ત્યારે મારા એડવોકેટ તથા યુનીયનને ખબર હતી કે, સંસ્થાએ અમને નોકરી ઉપર રાખેલ ન હતા. એ વાત ખરી છે કે, તા.૧૫/૦૧/૨૦૦૬ નાં રોજથી સંસ્થામાં નોકરી પર પાછા ગયેલ છે. તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધી મે સંસ્થામાં કામ કર્યુ હોય તેનો પુરાવો આ કામે રજુ કરેલ નથી.''***

૯.૩) વધુમા આ કામે અરજદાર યુનીયન તરફે આંક–૧૨ થી રજુ મહિલા કામદાર શ્રીમતી પ્રભાબેન એચ.દરજી નો મૌખીક પુરાવો ઘ્યાને લેતા, હાલનાં મહિલા કામદારે તેમની લેખીત સરતપાસમાં આંક–૧૧ થી રજુ અન્ય મહિલા કામદાર હેમલતાબહેન કે. પટેલનાઓએ જણાવેલ વિગતોનુ પુનરાવર્તન કરી, તેઓ સામાવાળા સંસ્થા પાસેથી તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનાં સમયગાળા દરમ્યાનનાં પુરા પગાર તથા અન્ય હકક હીસ્સાની રકમ મેળવવા હકકદાર હોવાનુ જણાવેલ છે.

૯.૪) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી યોગેન પંડયા ઘ્વારા હાલનાં મહિલા કામદાર પ્રભાબેન એચ. દરજીની કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ ...

*'' હું ધોરણ-૯ સુધી ભણેલ છું. આ કેસ નોકરી માટે કરેલ છે, કારણ કે પગાર ઉપર સ્ટે છે. નિ.૮/ર /૩ માં લખેલ સરનામુ મારુ છે. મે સંસ્થામાં આ સરનામુ આપેલ હતુ. નિ.૮/પ/૩ માં બતાવવામાં આવેલ સરનામુ મારુ છે, ત્યા હું રહુ છું.* ***સંસ્થાએ મને કામ પર હાજર થવા કાગળ લખેલ આ કાગળ મળ્યા પછી હું કામ ઉપર હાજર થવા ગયેલી. નિ.૮/૮/૩ નો પત્ર સંસ્થામાં હાજર થઈને આપેલ છે, જે કામ અમારે કરવાનુ ન હતુ, તે કામ સંસ્થાએ અમને કરવાનુ બતાવતા અમે સંસ્થામાંથી બહાર નીકળી ગયેલા.સંસ્થાએ મને કામે નહી રાખવા બાબતે કરેલ ફરીયાદની નકલ આ કામે રજુ કરેલ નથી. લેબર કોર્ટે ફરીયાદમાં જે હુકમ કરેલો, તે હુકમ સામે સંસ્થા હાઈકોર્ટમાં ગયેલી, તેની મને ખબર છે. હાઈકોર્ટમાં અમારા યુનીયન વતી એડવોકેટ હાજર થયેલ હતા. એ વાત ખરી છે કે, તા.૧૫/૦૧/૨૦૦૬ નાં રોજથી પાછા કામ પર ગયેલ હતી. એ વાત ખરી છે કે, તા.૧૭/૦૯/ ૧૯૯૯થી તા.૧૪/૦૧/૨૦૦૬ સુધી હું સંસ્થામાં કામ પર ગયેલ નથી.''***

૯.૫) વધુમા આ કામે અરજદાર યુનીયન તરફે આંક-૧૩ થી રજુ મહિલા કામદાર શ્રીમતી અંજુબેન પ્રકાશકુમારનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, હાલનાં મહિલા કામદારે તેમની લેખીત સરતપાસમાં આંક-૧૧ થી રજુ અન્ય મહિલા કામદાર હેમલતાબહેન કે. પટેલનાઓએ જણાવેલ વિગતોનુ પુનરાવર્તન કરી, તેઓ સામાવાળા સંસ્થા પાસેથી તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧ /૨૦૦૬ સુધીનાં સમયગાળા દરમ્યાનનાં પુરા પગાર તથા અન્ય હકક હીસ્સાની રકમ મેળવવા હકકદાર હોવાનુ જણાવેલ છે.

૯.૬) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી યોગેન પંડયા દ્વારા હાલનાં મહિલા કામદાર અંજુબેન પ્રકાશકુમારની કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ ...

*'' હું એસ.એસ.સી. પાસ છું. આ કેસ તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૪/૦૧/ ૨૦૦૬ સુધીનો પગાર મેળવવા કરેલ છે. નિ.૮/૨/૨ માં જણાવેલ સરનામુ મારુ છે.* ***તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ સંસ્થાએ મને આ પત્ર લખેલ. નિ.૮/૫/૨ નો પત્ર સંસ્થાએ મને લખેલ હતો. તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ હું સંસ્થામાં કામ પર હાજર થયેલ હતી. અમને અમારુ કામ સંસ્થાએ આપેલ ન હતુ, જેથી અમે કામ છોડી જતા રહેલ. તા.૧૫/૦૧/ ૨૦૦૬ નાં રોજ આ કામમાં ત્રણેય અરજદારો કામે હાજર થયેલ હતા. સંસ્થાએ સને-૨૦૦૬ માં હાજર થવા કાગળ લખેલ નહી, પરંતુ અમારા વકિલે અમને જાણ કરેલ, તેથી અમે હાજર થયેલા. તા.૧૭/૦૯/૧૯૯૯ થી તા.૧૪/૦૧/૨૦૦૬ સુધી સંસ્થામાં કામ પર હતા નહી. એ વાત ખરી છે કે, આંક-૧૯ નું સમાધાન અમારે અને સંસ્થા વચ્ચે થયેલ હતુ.''***

૯.૭) અરજદાર યુનીયન તરફે ઉપર મુજબ મહિલા કામદારોનો મૌખીક પુરાવો રજુ થયા બાદ, આંક-૨૯ થી તા.૦૩/૧૨/૨૦૦૭ નાં રોજ તેમનો પુરાવા બંધ પુરસીસ રજુ થયેલ છે. વધુમાં આ કામે સામાવાળા સંસ્થાના પુરાવા માટે રાખતા, સંસ્થા તરફે આંક-૩૨ થી સાહેદ હેમેન હરીતભાઈ ભટ્ટ નો મૌખીક પુરાવો રજુ થયેલ છે. જેઓ તેમની સોગંદ પરની લેખીત સરતપાસમાં જણાવે છે કે, ફરીયાદ નં.૧૯/ ૧૯૮૯ ના હુકમ મુજબ સંસ્થાએ તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ ત્રણેય મહિલા કામદારોને રજી.પો. એ.ડી. થી તેમના ઘરના સરનામે પત્રો લખેલ હતા તેમજ સદરહુ પત્રની નકલ મજુર કમિશ્નરશ્રીને પણ મોકલેલ હતી. વધુમાં ત્રણેય

મહિલા કામદારોને ઉપરોકત પત્ર મળી જવા છતા, તેઓ કામ પર હાજર ન થતા, સંસ્થાએ તા.૨૧/૦૩/૧૯૯૮ નાં રોજ ત્રણેય મહિલા કામદારોને તેમની ફરજ પર હાજર થવા ફરીથી પત્ર લખેલ હતા, જે પત્ર મળતા ત્રણેય મહિલા કામદારો તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ સંસ્થામાં તેમની ફરજ ઉપર હાજર થયેલ હતા, પરંતુ ફરજ પર હાજર થયા બાદ તરત જ તેઓને સોંપવામાં આવેલી કામગીરીનો ઈન્કાર કરીને કોઈપણ જાતની જાણ કર્યા વગર નોકરી છોડી કામની જગ્યા છોડી ફરજ છોડી ચાલ્યા ગયેલ હતા અને તે અંગે ત્રણેય મહિલા કામદારોને તે જ દિવસે તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ પત્ર લખેલ હતો અને જેની નકલ મજુર કમિશ્નરશ્રીને પણ મોકલવામાં આવેલ હતી. વધુમાં સદરહુ પત્ર મળવા છતા, ત્રણેય મહિલા કામદારો કામ ઉપર હાજર થયેલ ન હતા. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટે સંસ્થાની પીટીશન સ્પે.સી.એ.નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે તા.૨૩/૦૫ /૨૦૦૫ નાં રોજ આખરી હુકમ આપેલ હતો. વધુમાં નામ. હાઈકોર્ટ ધ્વારા હુકમ પસાર કરવામાં આવેલો ત્યારે પણ કામદારોનાં વકિલશ્રીએ નામ. હાઈકોર્ટમાં કામદારોને સંસ્થાએ કામ પર રાખેલ ન હોવાની રજુઆત કરેલ નથી. નામ. હાઈકોર્ટનાં હુકમ બાદ તેઓને પોતાની ભુલ સમજાતા, તા.૧૫/૦૧/૨૦૦૬ થી કામદારો સંસ્થામાં કામ પર હાજર થયેલ હતા અને ત્યારબાદ સંસ્થાનુ નરોડા ખાતેનુ યુનીટ બંધ થતા, સંસ્થાએ અરજદાર યુનીયન સાથે ફરીયાદ અરજી નં.૧૨/૨૦૦૬ નાં કામમાં જે સમાધાન કરેલ હતુ, તે સમાધાનમાં આ ત્રણેય મહિલા કામદારોને તેઓનાં વચગાળાના સમયની સળંગ નોકરી ગણીને કાયદેસર નાં લેણા ચુકવી આપવામાં આવેલ હતા, જેથી આ કામદારો તા.૧૭/૦૯/ ૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીના સમયની કોઈપણ રકમ માંગવા મેળવવા હકકદાર થતા ન હોવાથી હાલનો કેસ રદ કરવા જણાવેલ છે.

૯.૮) વધુમાં અરજદાર યુનીયનના પ્રતિનિધિશ્રી પી.કે. ડેનીયલ દ્ધારા સંસ્થાનાં ઉપરોકત સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ સામાવાળા સંસ્થાનું સરનામુ મેલડી એસ્ટેટ ગોતા, અમદાવાદ છે. છેલ્લા પ વર્ષથી સંસ્થા આ સરનામે ચાલે છે. તે પહેલા સંસ્થા ૧૪૦, જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ ખાતે ચાલતી હતી. નરોડા જી.આઈ.ડીસી. માંથી મેલડી એસ્ટેટ ખાતે સ્ટાફનાં પ થી ૬ માણસોને કામે રાખેલા. આ કામનાં કામદારોએ કેટલા વર્ષ સંસ્થામાં કામ કર્યુ ? તે યાદ નથી. એ વાત ખરી નથી કે, આ કામદારો ને ચાલુ ફરજ દરમ્યાન છુટા કરેલ ત્યારે જનરલ ડીમાન્ડ ચાલુ હતી. વધુમાં સાહેદ નાં જણાવ્યા મુજબ તેઓ સંસ્થામાં લીગલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. કામદારોએ કરેલ ફરીયાદમાં પડેલ દિવસોનાં પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવાનો હુકમ થયેલો, જે હુકમ થયા પછી સંસ્થા તરફથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી કે કેમ? તેની ખબર નથી. સંસ્થાએ સ્પે.સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ દાખલ કરેલ, તેમાં કામદારોને કામે રાખી લેવા અને બેકવેજીસ સ્ટે કરવા તા.૧૭/૦૯/૧૯૯૯ નાં રોજ હુકમ થયેલ. આ હુકમ પછી કામદારોને કામે આવવા પત્ર લખ્યાની મને ખબર નથી. નામ. હાઈકોર્ટનાં હુકમ પછી કામદારોને કામે આવવા પત્ર લખેલાની ખબર નથી. કામદારોએ આ સમયગાળામાં કામ કરેલ નથી, તેથી તે સમયગાળાનો પગાર આપવા તૈયાર નથી. એચ.આર. ડીપાર્ટમેન્ટ પગાર આપવા કે ન આપવાની સત્તા ધરાવે છે.

૯.૯) સામાવાળા સંસ્થા તરફે આ કામે ઉપર મુજબનો મૌખીક પુરાવો રજુ થયા બાદ, આંક–૪૩ થી તા.૧૦/૦૧/૨૦૧૧ નાં રોજ તેમની પુરાવા બંધ પુરસીસ રજુ થયેલ છે.

૯.૧૦)હાલનાં કામે બંને પક્ષકારો તરફે રજુ થયેલ ઉપરોકત મૌખીક પુરાવાની વિગતો લક્ષમાં રાખી, આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, અરજદાર યુનીયન તરફે આ કામે તેમના માંગણા નિવેદનના સમર્થનમાં આંક-૯ નાં લીસ્ટથી સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે તા.૧૭/૦૯/૧૯૯૯ ના રોજ તથા તા.૨૩/૦૮/૨૦૦૫ નાં રોજ નામ. ગુજારાત હાઈકોર્ટે કરેલ હુકમ તથા રેફરન્સ (ડી) કેસ નં.૧૦/૨૦૦૬ નાં કામે સામાવાળા સંસ્થાએ રજુ કરેલ લેખીત જવાબની નકલ રજુ કરેલ છે. આ કામે અરજદાર યુનીયનના કેસ મુજબ સામાવાળા સંસ્થામાં કામ કરતા કામદારોનાં હકક હીસ્સા બાબતેની સામાન્ય માંગણીનો કેસ રેફરન્સ (ડી) નં.૨૪/૧૯૮૯ પેન્ડીંગ હતો. તે દરમ્યાન સંસ્થાએ તા.૦૪/૦૫/૧૯૮૯ નાં રોજથી મહિલા કામદાર શ્રીમતી હેમલતાબેન કૌશીકકુમાર પટેલને તેમજ તા.૦૭/૦૫/૧૯૮૯ નાં રોજથી મહિલા કામદાર શ્રીમતી પ્રભાબેન બી. દરજીને તથા તા.૦૧/૦૬/૧૯૮૯ નાં રોજથી મહિલા કામદાર શ્રીમતી અંજુબેન પ્રકાશકુમારને મૌખીક હુકમથી નોકરીમાંથી છુટા કરતા આ ત્રણેય કામદારોએ તેમનાં યુનીયન મારફતે આઈ.ડી.એકટની કલમ-૩૩ (એ) હેઠળ ફરીયાદ નં.૧૯/૧૯૮૯ મજુર અદાલત અમદાવાદ મુકામે દાખલ કરેલ અને જે કામે મજુર અદાલતે કામદારોને પુરા પગાર સહીત સળંગ નોકરી ગણી નોકરીમાં પુન:સ્થાપિત કરવા હુકમ કરેલ હતો, જે હુકમ સામે સંસ્થાએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ દાખલ કરેલ, જે કામે નામ. હાઈકોર્ટે તા.૧૭/૦૯/૧૯૯૯ નાં હુકમથી કામદારોનાં બેકવેજીસનો હુકમ સ્ટે કરેલ,પરંતુ કામદારોને સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કાયમ રાખેલ.સંસ્થાએ કામદારોને તા.૧૭/૯/ ૧૯૯૯ નાં હુકમ બાદ તા.૧૬/૦૧/૨૦૦૬ નાં રોજથી કામે રાખેલ હોવાથી

ઉપરોકત સમયગાળા દરમ્યાનનો પગાર તથા અન્ય હકક હીસ્સાની રકમ મેળવવા હાલનો કેસ દાખલ કરેલ છે.

૯.૧૧)અરજદાર યુનીયનનાં કેસની ઉપરોકત વિગતો લક્ષમાં રાખી, આ કામે સામાવાળા સંસ્થા તરફે આંક-૮ નાં લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો પૈકી નિ.૮/૧ (આંક-૧૪) વંચાણે લેતા, જે કમ્પલેઈન અરજી નં.૧૯/૧૯૮૯ નાં કામે તા.૦૨/૦૭/૧૯૯૭ નાં રોજ થયેલ હુકમની નકલ છે, જે હુકમ મુજબ આ કામનાં ત્રણેય મહિલા કામદારોને તેમનાં પડેલ દિવસોનાં પુરા પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવા સંસ્થાને હુકમ કરેલ છે. વધુમાં સામાવાળા સંસ્થા તરફે નિ.૮/૨ ( આંક-૨૫ ) થી રજુ કરેલ દસ્તાવેજ વંચાણે લેતા, જે સંસ્થા ધ્વારા તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ આ કામનાં ત્રણેય મહિલા કામદારોને ફરીયાદ અરજી નં.૧૯/૧૯૮૯ નાં હુકમ મુજબ તેમની ફરજમાં હાજર થવા જાણ કરતો લખેલ પત્ર છે. વધુમાં નિ.૮/૩ વંચાણે લેતા, સંસ્થાએ મજુર કમિશ્નર કચેરી, અમદાવાદને જાણ કરતો પત્ર રજુ કરેલ છે. આ કામે સંસ્થા ધ્વારા નિ.૮/૨ થી રજુ પત્રોની વિગતો લક્ષમાં રાખી, આંક-૧૧,૧૨ અને ૧૩ હેઠળની કામદારોની ઉલટતપાસ વંચાણે લેતા, આ કામનાં ત્રણેય મહિલા કામદારો તેમની ઉલટતપાસમાં સંસ્થાએ તેઓને તા.૧૨/૦૩/૧૯૯૮ નાં રોજ લખેલ પત્રની વિગતો કબુલ રાખે છે.

૯.૧૨)વધુમાં સામાવાળા સંસ્થા તરફે નિ.૮/૫ થી રજુ તા.૨૧/૦૩/૧૯૯૮ નાં પત્ર વંચાણે લેતા, સંસ્થાનો તા.૧૨/૦૩/૧૯૯૮ નો પત્ર કામદારોને મળી ગયા બાદ પણ કામદારો તેમની ફરજમાં હાજર ન થતા, સંસ્થાએ ઉપરોકત તા.૨૧/૦૩/૧૯૯૮ ના પત્રથી કામદારોને ફરજ ઉપર હાજર થવા જણાવેલ છે. વધુમાં હાલનાં કામે આંક-૧૧,આંક-૧૨ અને આંક-૧૩ થી રજુ મહિલા કામદારોની

લેખીત સરતપાસમાં જણાવ્યા મુજબ ઉપરોકત તા.૨૧/૦૩/૧૯૯૮ નો પત્ર મળ્યા બાદ કામદારો તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ સામાવાળા સંસ્થામાં તેમની ફરજ પર હાજર થવા ગયેલ હતા અને સંસ્થામાં તેમનો હાજર રીપોર્ટ તથા હાજરી કાર્ડ મળવા બાબતેની પહોંચ આપ્યા બાદ સંસ્થાએ તાત્કાલીક સંસ્થામાંથી બહાર કાઢેલ હતા. હાલના કામે મહિલા કામદારોએ તેમની લેખીત સરતપાસમાં ઉઠાવેલ ઉપરોકત તકરાર ધ્યાને રાખી, સદરહુ મહિલા કામદારોની ઉલટતપાસ વંચાણે લેતા, તેઓ એ હકિકત કબુલ રાખે છે કે, તા.૨૬/૦૩/૧૯૯૮ નાં રોજ સંસ્થામાંથી તેઓને કાઢી મુકેલ હોવા બાબતેની કોઈ ફરીયાદ સંસ્થાને અથવા તો મજુર કમિશ્નરશ્રીને કરેલ નથી.

૯.૧૩)વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે નિ.૮/૧૩ (આંક-૧૬) થી રજુ સ્પે. સી.એ. નં.૮૪૭૬/૧૯૯૮ નાં કામે તા.૨૩/૦૮/૨૦૦૫ નાં રોજ થયેલ હુકમ વંચાણે લેતા, નામ. હાઈકોર્ટે તેમનો અગાઉનો તા.૧૭/૦૯/૧૯૯૯ નો હુકમ ધ્યાને રાખી, કામદારો તેમની નોકરીમાં પુન:સ્થાપિત થઈ ગયેલ હોવાથી બેક વેજીસ રદ કરવાનો હુકમ કાયમી કરી, સંસ્થાની પીટીશન ફેસલ કરેલ હતી. વધુમાં રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતા,તા.૧૭/૯/૧૯૯૯ ના હુકમ બાદ, આ કામના મહિલા કામદારોએ સામાવાળા સંસ્થામાં તેમની કામગીરીમાં હાજર થવા સંસ્થાને કોઈ લેખિત પત્ર આપેલ હોવાનું જણાઈ આવતું નથી. વધુમાં આ કામના ત્રણેય મહીલા કામદારો તેમની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તા.૧૭/૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ દરમ્યાન તેઓએ સામાવાળા સંસ્થામા કોઈ નોકરીની ફરજો બજાવેલ નથી,ત્યારે ''નો વર્ક નો પે'' નો સિધ્ધાંત લક્ષમાં લેતા,ઉપરોકત સમયગાળાની કોઈ પગાર અથવા અન્ય

કોઈ લાભની રકમ મેળવવા હાલના ત્રણેય મહિલા કામદારો હકકદાર બની શકે નહી.

**૯.૧૪)** વધુમાં આ કામે રેકર્ડ પરની હકિકતો લક્ષમા લેતા, સામાવાળા સંસ્થામાં કામ કરતા કુલ ૧૮ કામદારો અને સંસ્થા વચ્ચે ફરીયાદ નં.૧૨/૨૦૦૬ નાં કામે સમાધાન થતા, તા.૧૪/૦૪/૨૦૦૭ નાં રોજ સામાવાળા સંસ્થા અને કામદારો સમાધાન કરી, કામદારોનાં બાકી લેણાં નીકળતા હકક હીસ્સાની રકમ સ્વીકારી કેસ પરત ખેંચી લેવા લેખીતમાં લખાણ કરી આપેલ છે. જે નિ.૧૦/૧ (આંક-૧૯) થી રજુ ફરીયાદ નં.૧૨/૨૦૦૬ના કામે થયેલ સમાધાન લેખ વંચાણે લેતા,તેમા ક્રમ નં.૧૫-૧૬-૧૭ થી આ કામના ત્રણેય મહિલા કામદારો ના નામ લખેલ છે તેમજ આ કામના ત્રણેય મહિલા કામદારોએ સામાવાળા સંસ્થા પાસેથી તેમના હકક હિસ્સાની રકમ મેળવી સંસ્થા સામે દાખલ કરેલ તેમના તમામ વિવાદ/કેસો પરત ખેંચવા લેખીતમાં સહી કરી તેમના યુનીયન મારફતે સામાધાન લખી આપેલ હોવાથી ઉપરોકત સમાધાન રેકર્ડ કરી ફરીયાદ નં.૧૨/૨૦૦૬ નુ કામ કૈંસલ કરવામાં આવેલ છે.

**૯.૧૫)** રેકર્ડ પરની ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા,હાલનો ડીમાન્ડ કેસ દાખલ થયા બાદ, સામાવાળા સંસ્થાએ તેમનુ યુનીટ તા.૦૧/૮/૨૦૦૬ ના રોજથી બંધ કરતા, કામદારો ધ્વારા તેમની નોકરીમાં પુન:સ્થાપિત થવા દાખલ કરવામાં આવેલ ફરીયાદ નં.૧૨/૨૦૦૬ ના કામે કામદારોએ સામાવાળા સંસ્થા સાથે સમાધાન કરી અને તે સમાધાન મુજબ કામદારોએ તેમના મળવાપાત્ર હકક હિસ્સાની રકમ સ્વીકારેલ હોવાથી કામદારો અને સામાવાળા સંસ્થા વચ્ચેના નોકર-માલિકના સબંધનો અંત આવેલ છે. જેથી આંક-૫ ના માંગણા નિવેદન માં માંગ્યા મુજબ કામદારો શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી

પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારને તા.૧૭/૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનાં ૭૪ માસ ૨૨ દિવસનાં (૬ વર્ષ, બે મહિના અને ૨૨ દિવસ) પુરા પગાર, બોનસ (૨૦%), હકક રજા, તહેવાર રજા તથા તે સમયગાળાનાં પગારનો ઈજાફો સહીતની કોઈ રકમ મેળવવા હકકદાર બનતા ન હોવાથી આ કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં**'' આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-: આ ખ રી હુ ક મ ::-**

(૧) અરજદાર **માઈટી લેબર્સ એસોસીએશન** તર્ફે શ્રીમતી હેમલતાબહેન કૌશીકકુમાર પટેલ, શ્રીમતી પ્રભાબહેન બી.દરજી તથા શ્રીમતી અંજુબહેન પ્રકાશકુમારને તા.૧૭/ ૦૯/૧૯૯૯ થી તા.૧૫/૦૧/૨૦૦૬ સુધીનાં ૭૪ માસ ૨૨ દિવસનાં (૬ વર્ષ, બે મહિના અને ૨૨ દિવસ) પુરા પગાર, બોનસ (૨૦%), હકક રજા, તહેવાર રજા તથા તે સમયગાળાનાં પગાર ઈજાફો સહીતની રકમ મેળવવા દાખલ થયેલ હાલનો રેફરન્સ (ડીમાન્ડ) કેસ નં.૨૯/૨૦૦૬ આથી નામંજુર (રદ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**અમદાવાદ.**
**તા.૦૫/૦૩/૨૦૨૦.**

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
**ન્યાયાધીશ(સી.ડી)**
**મજુર અદાલત, અમદાવાદ,**
**(જીજે.૦૦૮૬૬)**